# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ NEET-UG પ્રશ્નપત્ર ગેરરિતી કેસમાં સીબીઆઇએ બીજો સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યોઃ હાલ સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી ચાલુ
- ✓ છત્તીસગઢમાં માઓવાદી હુમલામાં બે જવાન શહિદ – જમ્મુના ડોડા જિલ્લાના જંગલમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં બે જવાનને ઇજા
- ✓ કર્ણાટક સરકારે રાજ્યમાં ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં સ્થાનિક નિવાસીઓને અનામત આપવાનો નિર્ણય હાલ પૂરતો સ્થગિત કર્યો
- ✓ આજે નવી દિલ્હીમાં નાર્કો કો-ઓર્ડિનેશન સેન્ટરની સાતમી બેઠક કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનાં અધ્યક્ષપદ યોજાશે
- ✓ આવતી કાલથી શ્રીલંકામાં મહિલા એશિયા કપ ટી-20 ટુર્નામેન્ટનો પ્રારંભ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *NEET UG_LETEST NEW*

**સર્વોચ્ચ અદાલતમાં અત્યારે NEET-UG 2024 વિવાદને લગતી અરજીઓની સુનાવણી ચાલી રહી છે. સોલિસિટર જનરલે અદાલતની ખંડપીઠને જણાવ્યું હતું કે, આ કેસમાં કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ કથિત પેપર લીક અને ગેરરિતી કેસમાં ગઈ કાલે સાંજે તેનો બીજો સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડે જણાવ્યું કે, સીબીઆઇની તપાસ ચાલી રહી હોવાથી તેની માહિતી બહાર પાડવાથી તપાસ પર અસર થઈ શકે છે. તેમણે રાષ્ટ્રીય પરીક્ષા**

સંસ્થા-એનટીએને પરિણામમાં ટોચનાં 100માં સ્થાન પામેલા વિદ્યાર્થીઓની શહેર પ્રમાણેની વિગતો માંગી હતી. એનટીએએ જવાબમાં જણાવ્યું હતું કે, આ 100 વિદ્યાર્થી 91 સ્થળોનાં છે અને તેમાંનાં ચાર વિદ્યાર્થી લખનઉનાં એક પરિક્ષા કેન્દ્રનાં છે.

ઉલ્લેખનીય છે કે, 11 જુલાઈના રોજ, સર્વોચ્ચ અદાલતે પરીક્ષા રદ કરવા, ફરીથી પરીક્ષા લેવા અને કથિત ગેરરીતિ વિરુધ્ધ થયેલી તમામ અરજીઓ પર સુનાવણી આજ પર મુલતવી રાખી હતી.

કેટલાંક પક્ષકારોને સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી NTA તરફથી જવાબ ન મળવાને કારણે કોર્ટે સુનાવણી લંબાવી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડ, ન્યાયાધીશ જે.બી પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડ પીઠ 40થી વધુ અરજીઓ પર સુનાવણી કરી રહી છે.. આ અરજીઓમાં રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા દ્વારા વિવિધ વડી અદાલતોમાં પડતર કેસોને સર્વોચ્ચ અદાલતમાં મોકલવા અંગે દાખલ કરવામાં આવેલી અરજીઓનો પણ સમાવેશ થાય છે.

## *SC JUDGE-OATH*

ન્યાયાધીશ એન કોટીશ્વર સિંહ અને ન્યાયાધીશ આર મહાદેવને આજે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા હતા. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે બંને ન્યાયાધીશને શપથ લેવડાવ્યા હતા. આ અગાઉ ન્યાયાધીશ એન કોટીશ્વર સિંહ જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. ન્યાયાધીશ આર મહાદેવન મદ્રાસ હાઈકોર્ટના જજ હતા.

## *PREZ SPEECH - BOOK*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના કાર્યકાળના પ્રથમ વર્ષના 75 મહત્વપૂર્ણ ભાષણોનું સંકલન કરતું પુસ્તક "વિંગ્સ ટુ અવર હોપ્સ - વોલ્યુમ I,"નું આજે નવી દિલ્હીમાં વિમોચન થશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં ઈ-બુકનું વિમોચન કરશે. પ્રકાશન વિભાગે આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પુસ્તક હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થશે.

## *CHHATTISGARH- MAOIST ATTACK*

છત્તીસગઢમાં મોડી રાત્રે થયેલા માઓવાદી હુમલામાં વિશેષ કાર્યદળના બે જવાન શહીદ અને ચાર જવાન ઇજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિશેષ કાર્યદળ રાજ્યના બીજાપુર અને સુકમા જિલ્લાની સરહદ પાસે માઓવાદીઓ વિરુદ્ધ તપાસ અભિયાન ચલાવી રહ્યા હતા તે સમયે આ ઘટના બની હતી. માઓવાદીઓએ અચાનક હુમલો કરીને I.E.D વિસ્ફોટ કર્યો હતો.. ઘાયલ જવાનોને સારવાર માટે વિમાન માર્ગે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## DODA GUNFIGHT

જમ્મુના ડોડા જિલ્લાના જંગલમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં બે જવાનને ઇજા થઈ છે. અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે મધરાત્રે બે વાગે કાસ્તીગઢ વિસ્તારના એક ગામમાં અથડામણ થઈ હતી. આતંકવાદીઓએ એક સરકારી શાળામાં બનાવાયેલી કાયમી સલામતી છાવણી પર ગોળીબાર કર્યો. સલામતી દળોએ જવાબમાં કરેલી કાર્યવાહીને પગલે એક કલાક સુધી સામ સામે ગોળીબાર ચાલુ રહ્યો હતો. આતંકવાદીઓના ગોળીબારમાં બે જવાનને નજીવી ઇજા થઈ છે.

ઉલ્લેખનીય છે કે સોમવારે રાત્રે આતંકવાદીઓએ કરેલા હુમલામાં એક કેપ્ટન સહિત ચાર જવાનો શહીદ થતાં દેસા અને આસપાસનાં જંગલમાં મોટા પાયે શોધ અભિયાન ચાલુ છે.

## KARNATAKA-JOB QUOTA

કર્ણાટક સરકારે રાજ્યમાં ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં સ્થાનિક નિવાસીઓને અનામતની જોગવાઈ કરતા ખરડાને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. ઉદ્યોગ સંગઠનો અને નિષ્ણાતોએ વિરોધ કર્યા પછી સરકારે પોતાનો નિર્ણય પાછો ઠેલ્યો છે. ગયા સોમવારે કર્ણાટકનાં ઉદ્યોગો, ફેક્ટરીઓ અને અન્ય ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારો માટે અનામત ક્વોટાની જોગવાઈ કરતો ખરડો પસાર કરવામાં આવ્યો હતો. ખરડામાં જોગવાઈ કરવામાં આવી હતી કે ખાનગી ક્ષેત્રમાં મેનેજમેન્ટ હોદ્દાઓ પર 50 ટકા, નોન-મેનેજમેન્ટ હોદ્દાઓ પર 75 ટકા તથા ગ્રુપ સી અને ગ્રૂપ ડી હોદ્દાઓ પર 100 ટકા જગ્યા કન્નડ નાગરિકો માટે અનામત રહેશે.

જો કે, મુખ્યમંત્રી સિધ્ધારમૈયાએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, ખરડાને સ્થગિત કરવામાં આવ્યો છે.

## AMIT SHAH NARCO COORDINATION MEET

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં નાર્કો કો-ઓર્ડિનેશન સેન્ટરની સાતમી બેઠકનું અધ્યક્ષપદ સંભાળશે. શ્રી શાહ નેશનલ નાર્કોટિક્સ હેલ્પલાઇન ‘માનસ’ની શરૂઆત કરશે અને શ્રીનગરમાં નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોની ઝોનલ ઓફિસનું પણ ઉદઘાટન કરશે. આ ઉપરાંત તેઓ એનસીબીનાં 2023નાં વાર્ષિક અહેવાલ પણ પ્રસિધ્ધ કરશે.

આ બેઠકનો હેતુ દેશમાં નશીલા દ્રવ્યોની હેરાફેરીને ડામવામાં વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સરકારી સંસ્થાઓ વચ્ચે સંકલન અને અસરકારકતા સાધવાનો છે.

## *T-20 WOMENS ASIA CUP*

મહિલા એશિયા કપ T-20 ટૂર્નામેન્ટ આવતીકાલથી શ્રીલંકાના દામ્બુલામાં શરૂ થશે. ટૂર્નામેન્ટની તમામ મેચો રંગીરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ટુર્નામેન્ટની ઉદઘાટન મેચ ગ્રૂપ-એમાં સંયુક્ત આરબ અમીરાત અને નેપાળ વચ્ચે રમાશે. ત્યારબાદ વર્તમાન ચેમ્પિયન ભારત ગ્રુપ Aનાં અન્ય એક મુકાબલામાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ જીત સાથે તેના અભિયાનની શરૂઆત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

ગ્રુપ Aમાં ભારત અને પાકિસ્તાનન, નેપાળ અને UAE છે, જ્યારે યજમાન શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ અને મલેશિયા ગ્રુપ Bમાં છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો 26 જુલાઈના રોજ સેમિફાઈનલમાં ટકરાશે. ફાઈનલ 28 જુલાઈના રોજ રમાશે. વર્તમાન ચેમ્પિયન ભારત વર્ષ 2018ને બાદ કરતાં એશિયા કપ ટી-20ની તમામ ટુર્નામેન્ટ જીત્યું હોવાથી ફરી એકવાર ટ્રોફી જીતવા આશાવાદી છે.

## *IMD RAIN FALL ALERT*

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ અંતરિયાળ કર્ણાટક, તટીય કર્ણાટક, કોંકણ અને ગોવામાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આવતીકાલે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, તટીય આંધ્રપ્રદેશ અને યાનમમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યો છે. આજે, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

## *UN GAZA*

સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે ગાઝામાં લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષનાં રાજકીય ઉકેલ પર નવેસરથી ભાર મૂકવા વિનંતી કરી છે.

સુરક્ષા પરિષદમાં ગાઝા પર ચર્ચા દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીના કાર્યાલયના વડા કર્ટનેય રાત્રેયે, એક રાજકીય ઉકેલ શોધવા પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ગાઝાના ગંભીર સંજોગો પર પ્રકાશ પાડ્યો હતો.

## *AMARNATH YATRA - JAMMU*

અમરનાથની પવિત્ર ગુફાનાં દર્શન માટે 4 હજાર 383 શ્રધ્ધાળુઓની વધુ એક ટૂકડી આજે જમ્મુનાં ભગવતી નગર યાત્રી બેઝ કેમ્પથી રવાના થઈ હતી. આજે વહેલી સવારે યાત્રાળુઓ 157 વાહનો દ્વારા રવાના થયા હતા, જેમાં 3,222 પુરુષ, 1071 મહિલા, આઠ બાળકો, 67 સાધુ અને 15 સાધ્વીનો સમાવેશ થાય છે. 1701 યાત્રીઓ બાલતાલ બેઝ કેમ્પ અને 2682 યાત્રીઓ પહલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.

## *OMAN-OIL TANKER*

ઓમાનના દરિયાકિનારા નજીક ડૂબી ગયેલા ઓઇલ ટેન્કરમાંથી ચાલક દળના 10 સભ્યોને શોધવામાં આવ્યા છે, જેમાંથી નવ જીવિત છે અને એકનું મૃત્યુ થયું છે. જીવિત નવમાંથી આઠ ભારતીય અને એક શ્રીલંકન નાગરિક છે. બાકીનાં છ સભ્યોની શોધખોળ ચાલુ છે. કોમોરોસનો ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કર એમવી પ્રેસ્ટીજ ફાલ્કનમાં 13 ભારતીય અને ત્રણ શ્રીલંકન સહિત ચાલક દળનાં 16 સભ્યો હતા.

બચાવ અને શોધખોળ કામગીરીમાં ભારતીય નૌકા દળના યુધ્ધ જહાજ આઇએનએસ તેગે મહત્વની ભૂમિકા ભજવી છે. નૌકા દળના જહાજ અને પી-8 દરિયાઇ નિરીક્ષણ વિમાન મોકલવામાં આવ્યું છે. રાસ મદ્રકાહથી લગભગ 25 દરિયાઇ માઇલ દક્ષિણ પૂર્વમાં ટેન્કર પલટાઈ ગયું હતું. ઓમાન દરિયાઇ સલામતી કેન્દ્રની આગેવાનીમાં બચાવ કાર્ય ચાલી રહ્યું છે, જો કે ખરાબ હવામાનને કારણે તેમાં અવરોધ આવી રહ્યો છે. જહાજ ડૂબવાનું કારણ જાણી શકાયું નથી.